Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# વિનોબાભાવે અને સર્વોદય

ડૉ. મહેશકુમાર વી. ચૌધરી
અધ્યાપક સહાયક, ઈતિહાસ વિભાગ,આર્ટસ કોલેજ, વડાલી, જિ.સાબરકાઠા, ગુજરાત
મેઈલ એડ્રેસ : mvc15486@gmail.com

સારાંશ :

મહાત્મા ગાંધીજીને દક્ષિણ આફ્રિકામાં જ્હોનીસબર્ગથી નાતાલ સુધીની ટ્રેનની મુસાફરી દરમ્યાન ઈ.સ.૧૯૦૪માં એમના મિત્ર મી.પોલાક એક પુસ્તક આપી કહે છે : " આ પુસ્તક રસ્તામાં વાંચી શકાય તેવું છે, તે વાંચી જજો, તમને ગમશે." આ પુસ્તક વાંચવાથી ગાંધીજીના હૃદય અને માનસ પર ઊંડી અસર થઈ. આ પુસ્તક હતું – જ્હોન રસ્કિનનું " અનટુ ધિસ લાસ્ટ". આ પુસ્તક ગાંધીજીએ ૧૯૦૪માં વાંચ્યું અને ૧૯૦૮માં તેમણે તેનો ભાવાનુવાદ "સર્વોદય" નામની નાનકડી પુસ્તિકામાં પ્રગટ કર્યો. પુસ્તક વાંચનથી લઈને પોતાના અંતિમ શ્વાસ સુધી ગાંધીજીએ દેશ સમગ્રને સર્વોદયમય બનાવ્યું, પરંતુ તેમના અવસાન બાદ તેમની સર્વોદય રૂપી વિચારધારાનો અધુરો તંતુ વિનોબા ભાવેએ સંભાળ્યો.પ્રસ્તુત શોધપત્રમાં ગાંધીના અવસાન બાદ આખા દેશમાં ગાંધીજીની સર્વોદયરૂપી વિચારધારાને વિનોબા ભાવેએ કઈ રીતે આગળ ધપાવ્યું તેની છણાવટ છે.

ચાવીરૂપ શબ્દો :સર્વોદય , ભૂદાન, જ્ઞાનદાન, જીવનદાન, બુદ્ધીદાન,શ્રમદાન

## પૂર્વભૂમિકા :

ગાંધીજીની હત્યા બાદ માર્ચ, ૧૯૪૮માં દેશના અગ્રણી ગાંધીજનોનું સંમેલન સેવાગ્રામમાં મળ્યું. જવાહરલાલજી, મૌલાના આઝાદ, રાજેન્દ્રબાબુ વગેરે ટોચના નેતાઓ પણ તેમાં હાજર રહ્યા હતા. ગાંધીજીના કામને કેમ આગળ વધારવું તેની વિચારણા કરવાની હતી. ત્યારે ઘણાની નજર વિનોબા તરફ હતી. વિનોબાએ આ સંમેલનમાં સક્રિય ભાગ ભજવ્યો. એમનાં વક્તવ્યોએ વિચાર સફાઈમાં મદદ કરી. આગળનાં કામની રૂપરેખા તૈયાર કરવામાં એમનો ઘણો ફાળો રહ્યો.[૧]

વિનોબા ગાંધી પાસે ૧૯૧૬માં આવ્યા ત્યારથી સતત ૩૨ વરસ એમની વ્યક્તિગત સાધના ચાલી. ગાંધીજીના વિવિધ રચનાત્મક કામોમાં અને અનેકવિધ પ્રયોગોમાં તેઓ ખૂંપી ગયેલા, પરંતુ આ એકાગ્ર સાધનાની સાથો સાથ સમગ્રનું ચિંતન-મનન પણ એમનું ચાલતું રહેતું. દુનિયામાં જે કોઈ ચાલતું, તેનું ઝીણવટભર્યું નિરીક્ષણ અને અધ્યયન તેઓ સતત કરતા રહેતા. સ્વરાજ્યના આંદોલનમાં ભાગ લીઈને કુલ ૬ વખત બધું મળીને સાડા પાંચ વરસનો કારાવાસ પણ એમણે ભોગવ્યો. એમણે કહ્યું છે : "ગાંધીજીના વિચારોનો હું બહું સુક્ષ્મ ભાવે

અભ્યાસ કરતો અને પછી તેમાંથી જે કાંઈ મળતું તેનો અમલ કરવાનો યથાશક્તિ પ્રયત્ન કરતો" આમ, ત્રણ દાયકા સુધી વિનોબાએ એક જગ્યાએ બેસીને ગાંધી વિચારનું અનુશીલન કર્યું, શોધન કર્યું, નિરિક્ષણ-પરિક્ષણ કર્યું, આચરણ ને અમલીકરણ કર્યું. ગાંધીજી હતા ત્યાં સુધી તો એમના નેતૃત્વમાં ને માર્ગદર્શનમાં કામ કરતા રહ્યા, પરંતુ ગાંધીજીની હત્યા થયા બાદ વિચારવા લાગ્યા કે હવે મારું કર્તવ્ય શું?[૨]

શરૂમાં 'સર્વોદય' શબ્દ પણ હજી બહુજન સમાજ માટે ઝાઝો પરિચિત નહતો. ગાંધીજીની હત્યા બાદ, ૧૯૪૮માં જ્યારે દેશના મુખ્ય મુખ્ય ગાંધીજનો સેવાગ્રામમાં ભેળા થયા ત્યારે વિનોબાના સૂચનથી ગાંધીના બૃહદ્ પરિવારને 'ગાંધી સંઘ' વગેરે કહેવાને બદલે 'સર્વોદય સમાજ' એવું ના આપવામાં આવ્યું. ત્યારે અમતુસ્સલામે વાંધો ઉઠાવ્યો કે 'સર્વોદય' શબ્દ આપણા ગામડાંના લોકો સહેલાઈથી સમજી નહી શકે, એટલે એમાં ગાંધીનું જ નામ હોવું જોઈએ ત્યારે વિનોબાએ કહ્યું "પ્રત્યક્ષ કૃતિથી તે સહેલો બની જશે." અને એમણે 'સર્વોદય' ની રટ લગાવી. એમણે કહ્યું : "મારા માટે તો આ શબ્દ રામનામ જેવો જ બની ગયો છે. કામ કરતાં, બોલતાં, બેસતાં, ઊઠતાં, ચાલતાં, ફરતાં હું તેની જ ધૂનમાં રહું છું."

સર્વોદયનો અર્થ :

વિનોબાએ સર્વોદયનો એક બહુ જ સરળ ને સ્પષ્ટ અર્થ બતાવ્યો : "દરેક જણ બીજાની ફિકર રાખે સાથે જ પોતાની ફિકર એવી ન રાખે કે જેનાથી બીજાને તકલીફ થાય. બસ આટલી સાદી વાત છે. કુટુંબમાં આવું જ થાય છે. કુટુંબનો આ ન્યાય સમાજને લાગું કરવાનું મુશ્કેલ નથી, બલ્કે સાવ સહેલું હોવું જોઈએ. આને જ 'સર્વોદય' કહે છે." આખા સમાજને સર્વોદયથી બનાવવા માટે બહુજનને માટે કોઈક પ્રત્યક્ષ કાર્યક્રમ જોઈએ, અણુવ્રત જોઈએ. આની ખોજ કરતાં-કરતાં એમને આંધ્રપ્રદેશના પોચપલ્લીમાં ભૂદાનનો સાક્ષાત્કાર થયો. આને ઈશ્વરનો ઈશારો માનીને વિનોબા નીકળી પડ્યા- 'સર્વોદય'ના મંત્રને સાકાર કરવા. પાછળથી એમણે આ દિવસને (૧૮ એપ્રિલ, ૧૯૫૧) સર્વોદયની સાકારતાનો જન્મદિવસ કહ્યો.[૩]

ભૂદાન યાત્રા :

૧૯૫૧ના શિવરામપલ્લીના સંમેલન પછી પદયાત્રા કરીને પાછા આવતાં આંધ્રના પોચમપલ્લી ગામે એક વિશિષ્ટ બનાવ બન્યો. આ પ્રદેશમાં આઝાદી પછી તોફાનો ફાટી નીકળેલાં. અંગ્રેજો ગયા ને દેશને રાજકીય આઝાદી આપતા ગયા ને દેશને રાજકીય આઝાદી આપતા ગયા પણ ગામે ગામ જમીનની માલિકી જમીનદારોની અને તેની પર ખેતી કરનારા ખેડૂતો જમીન વગરના તેમનું ભયાનક શોષણ થતું ને જમીનદારો વિના મહેનતે લીલાલહેર કરતા. આંધ્રના તેલગણ વિસ્તારમાં સામ્યવાદીઓએ ખેડૂતોને સંગઠિત કરી જમીનદારો પાસેથી જમીન આંચકી લેવાનો કાર્યક્રમ આપેલો. જમીનદારો પાસે પૈસા એટલે પોલીસ તંત્રને ખરીદી શકે. ખેડૂતો પાસે સંગઠન અને ભૂખમરાથી છૂટવાની પ્રેરણા તેથી તેઓ જાનની બાજી લગાડવા તત્પર. આમાંથી હિંસા ફૂટી નીકળી.

વિનોબા ૧૮ એપ્રિલ, ૧૯૫૧ ના રોજ પોચમપલ્લી ગામે હતા. ત્યાં સાંજે જનસભા થઈ. વિનીબાજીની અહિંસાની અને પ્રેમની- સર્વોદયની વાતો સાંભળ્યા પછી ગરીબ લોકો પૈકી કેટલાકે કહ્યું કે, “અમારે કામ જોઈએ છે. મહેનત કરી જીવવું છે. અમને ખેતીકામ ફાવે. સરકાર પાસેથી જમીન અપાવો.” વિનોબાને તો દેશના વડાપ્રધાન જવાહરલાલથી માંડીને દિલ્હી અને હૈદરાબાદની સરકારના પ્રધાનો ઓળખે પણ સરકારી તંત્ર ક્યારે કામ કરે અને ક્યારે આ ગરીબોનું ભલું થાય ? વિનોબાને થયું કે સાચી સરકાર તો જનતા જ છે. તેમણે જાહેર સભામાં અપીલ કરી કે, “ગામે ગામ શાંતિ જોઈતી હોય, સંપ રાખવો હોય, સમૃદ્ધિ વધારવી હોય તો કામ કરનારને કામનું સાધન મળવું જ જોઈએ. તમારામાંથી કોઈ જમીનનું દાન આપી શકે ?” અને જાણે ચમત્કાર સર્જાયો. રામચંદ્ર રેડ્ડી નામના જમીનદારે પોતાની ૧૦૦ એકર જમીન દાનમાં આપી અને પવનાર પાછા આવતા સુધીમાં ગામે ગામ ભૂમિનું દાન માંગતાં ૧૨,૦૦૦ એકર જમીનનું દાન મળ્યું. આ જમીન જે-તે ગામે જ ગરીબોમાં વહેંચાઈ. આ બનાવે દેશ-દુનિયાને નવો રસ્તો સુઝાડ્યો. રશિયામાં ખેડૂતો, મજુરોએ લોહિયાળ ક્રાંતિ કરી હતી. હજારો લોકોને રહેંસી નાખ્યા હતા. સરકારે કાયદા કરતી હતી પણ તેનો અમલ ઝાઝો થતો નહી. વિનોબાનો રસ્તો કતલ નહીં, કાયદો નહીં પણ કરુણા જગાડવાનો હતો. ભારત દેશ ખેતીપ્રધાન અને ૭૦ થી ૮૦ ટકા વસ્તી ગામડાંમાં ખેતી પર નભે. તેમાં મોટા ભાગના ગરીબ, શ્રમજીવીઓ, જમીન મુઠ્ઠીભર લોકોના કબજામાં ને મોટાં ભાગનો વર્ગ જમીનવિહોણો. આજીવિકાનું સાધન બીજાના હાથમાં હોય તો ગુજરાત ચાલે કેવી રીતે ?

વિનોબાના ‘ભૂમિદાન યજ્ઞ’ દેશને ઉત્તમ વિકલ્પ આપ્યો. વિનોબાએ પવનારથી ફરી પદયાત્રા આરંભી. ગામે ગામ ગાંધીની વાત ફેલાવતા જાય અને જમીન માગતા જાય. દિલ્હી પહોંચતા સધીમાં બીજી ૧૮,૦૦૦ એકર જમીન મળી અને વહેંચાઈ. હવા, પાણી અને પ્રકાશની પેડે ભૂમિ મળવી જ જોઈએ. તે તેમનો અધિકાર છે. પરિવારમાં પાંચ દીકરા હોય તો મને છઠ્ઠો માની છઠ્ઠા ભાગની જમીન દાનમાં આપો. આવી વાતો વિનોબાજી સમજાવીને કરતા.

૧૯૫૨ના સેવાપુરીના અખિલ ભારત સર્વોદય સમાજ સંમેલનમાં આ કાર્યક્રમને રાષ્ટ્રીય સ્તરે ઉપાડી લેવાનો ઠરાવ થયો. ગાંધીજીના વખતની રચનાત્મક સંસ્થાઓ ભેગી થઈને ‘સર્વ સેવા સંઘ’ રચાયો હતો. તેણે ભૂમિદાન યજ્ઞના કાર્યક્રમને અપનાવ્યો હતો. પછી તો દરેક રાજ્યમાં ગાંધીજનોએ ભૂમિદાનયજ્ઞ પોતપોતાના રાજ્યમાં ચાલુ કર્યો.[૪]

જો કે વિનોબા તો નીકળ્યા હતા, સમાજને સર્વોદયનો અને ગાંધીના ગ્રામસ્વરાજનો રંગ ચઢાવવા. એટલે તેઓ કહેતા રહ્યા : “ભૂદાનમાં લાખો એકર જમીન મળી, એટલા વાસ્તે હું ભૂદાનને સફળ માનવા તૈયાર નથી. જો એવો એવો અનુભવ થાય કે ભૂદાનના પરિણામે લોકોના હૃદયમાં અહિંસા પ્રત્યે વિશ્વાસ બેઠો, તો હું તેને સફળ માનીશ. ગામના લોકો ઝગડા ન કરે અને ક્યારે ઝગડો થાય તોય તેના નિકાલ માટે બહાર ન જાય, વકીલો અને અદાલતોનો આશરો ન લે, તો હું ભૂદાનને સફળ માનીશ. આજે લોકોને બધી બાબતોમાં સરકાર તરફ જોવાની ટેવ પડી ગઈ છે. તેને બદલે લોકો પોતાની તાકાત અનુભવે અને પોતાનો કારભાર

જાતે ચલાવતા થાય, તો હું ભૂદાનને સફળ માનીશ. હું પૂછીશ કે તમે જમીન નો દાનમાં આપી, પણ સામેથી લીધું શું ? શું તમે સર્વોદયનો વિચાર અપનાવ્યો ? તમે આ વિચાર સમજ્યા, તો હું ભૂદાનને સફળ માનીશ."

વિનોબાની હૃદયક્રાંતિ :

વિનોબાને તો સર્વોદયની ફિલસૂફીનો અસલ મર્મ લોકમાનસમાં રૂઢ કરવો હતો. એટલે તેઓ આ મર્મને સતત ઘૂંટતા રહ્યા : "વાણીનો ઉપયોગ એકતા સ્થાપવામાં, એકબીજાનાં દિલ જોડવામાં કરાય, તેનું નામ છે ભૂદાનયજ્ઞ. હાથનો ઉપયોગ પરિશ્રમમાં, પડોશીને મદદ કરવામાં, ગામની ભલાઈમાં કરાય, તેનું નામ છે ભૂદાનયજ્ઞ. કાનનો ઉપયોગ સર્વોદયની વાત સાંભળવામાં, ગામના કલ્યાણની ચર્ચા કરવામાં કરાય, તેનું નામ ભૂદાનયજ્ઞ. ગામને ગંદું નહી સ્વચ્છ રાખવું, ગામમાં સહુને લખાતા-વાંચતાં શીખવવું, ગામમાં જ્ઞાનનો પ્રસાર કરવો, ગામના ઝઘડોનો નિકાલ ગામમાં જ કરવો, ગામને એક પરિવાર માનવો, સમાજને પોતાનું બધું સમર્પણ કરવું. તેનું નામ છે ભૂદાનયજ્ઞ."

તેથી જ જયપ્રકાશજીએ કહેલું : "વિનોબા જે ભૂમિક્રાંતિ કરવા માંગે છે તે ભૂમિક્રાંતિ નહી હૃદયક્રાંતિ છે. તેમાં આપણે લોકોનાં દિલ પલટાવવાનાં છે, લોકોની વૃતિ બદલવાની છે. આ ક્રાંતિ દિલની અંદરથી શરૂ થશે. લોભ મટવાની જે શક્તિ પેદા થશે, તેનાથી આ ક્રાંતિ થશે." આના પરથી સ્પષ્ટ સમજાય છે કે વિનોબાનું આંદોલન માત્ર જમીનની વહેંચણી કરવાનું નહોતું. એ તો દેશના નવનિર્માણનું, ગ્રામસ્વરાજના સમગ્ર નવસંસ્કરણનું આંદોલન હતું. ગાંધી 'સર્વોદય' નો જે મંત્ર આપતા ગયા હતા, તેનો આ બધો સર્જનાત્મક આવિષ્કાર હતો.[૫]

કાકા કાલેલકર આચાર્ય વિનોબાના વિચારોનું વિશ્લેષણ કરી 'સર્વોદય સમાજ' ની રચનાનું વર્તન આ મુજબ કર્યું છે : "ભવિષ્ય માટે સમાજની રચના નવા જ પ્રકારે થશે. ધર્મ ભેદને મહત્વ આપવામાં આવશે નહી. જ્ઞાતિભેદનો તો સપૂર્ણ નાશ કરવામાં આવશે. લોકોમાં રાષ્ટ્રીયતા, સામાજિકતા, ઔધોગિકતા, સર્વોદય વૃતિ વગેરેનું પોષણ પૂરાં પયત્નથી કરવું પડશે. પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચ શિક્ષણનો ગામડાઓમાં એટલો બધો પ્રચાર-પ્રસાર કરવો જોઈએ કે જેથી ઉચ્ચ શિક્ષણ મેળવવાના હેતુસર ગામડાઓ શહેરો તરફ દોટ ન મુકે. ઉત્તમ રસ્તાઓ, ઉત્તમ સાફ-સફાઈ તથા આરોગ્ય માટે તમામ પ્રકારની મદદ તથા શિક્ષણ ગામડાઓને મળવું જોઈએ. શહેરોની ખરાબ આદતો ગામડાઓમાં ઝડપથી ફેલાઈ રહી છે. તેને રોકવાનો પ્રયત્ન થવો જોઈએ. ગામડાઓનો વિકાસ એવી રીતે થાય કે જેથી શહેરોની પ્રતિષ્ઠા આપો આપ ઓછી થાય તથા શહેરો એ રીતે ટૂટે કે જેથી શહેરો તથા ગામડાઓમાં કોઈ તફાવત ન રહે. વાહનવ્યવહારનાં સાધનો વધતાં જશે. શિક્ષણ તથા સંસ્કારોનો પ્રચાર પૂરજોશમાં થશે. નેતાઓ સેવાભાવથી દેશનો પ્રવાસ કરશે. ગ્રામોદ્યોગના આધુનિક ઢંગથી વિકાસ થાય તથા સાચા સ્વરાજ્યનું આધ્યાત્મિક વાયુમંડળ સર્વોદય દ્વારા તમામ લોકોમાં ફેલાઈ જાય ત્યારે જ ગ્રામયુગની સ્થાપના થશે. તેના માટે આજનાં મોટાં-મોટાં શહેરોએ પોતાનું આત્મ બલિદાન કરવું પડશે અને તેમ કરીને જ આખાય વિશ્વમાં અહિંસક સમાજની સ્થાપના થશે. આના માટે યંત્ર

ઉધોગોને સમાપ્ત કરવાના નથી કે તેનો વિરોધ પણ નથી, પરંતુ તેનું નિયંત્રણ કરવું પડશે, કે જેથી યંત્ર મનુષ્ય જીવન પર હાવી ન થઈ જાય. શુદ્ધ, સમૃદ્ધ તથા સુખી જીવનને કેન્દ્રીત કરવાનું છે- તે હશે, સર્વોદય"

સર્વોદય સમાજના મુખ્ય આધારો છે – અહિંસા, વિવેકપૂર્ણ સમાનતા, શરીર શ્રમ અને અપરિગ્રહ, સાદું તથા સરળ જીવન, વિકેન્દ્રીકરણ, સ્વાવલંબન તથા સહયોગ, આર્થિક સમાનતા, કૂટિર તથા ગ્રામોદ્યોગોને પ્રાધાન્ય, વગેરે. દરેક વ્યક્તિ પોતાની સંપતિનો પોતે માલિક છે તેમ માનીને નહી, પરંતુ તે પોતે ટ્રસ્ટી છે તથા સાર્વજનિક હિતોને ધ્યાનમાં લઈ તેનો ઉપયોગ કરે.[૬]

વિનોબા તથા એમના સહયોગીઓ એ સર્વોદય સમાજની સ્થાપના હેતુ ભૂદાન, ગ્રામદાન, સંપતિ દાન, શ્રમદાન, બુદ્ધિ દાન વગેરે રચનાત્મક પગલાં ભર્યા. ભૂદાનનો અર્થ જમીનદારો પાસેથી જમીન લઈને જમીન વિહોણાઓમાં વહેંચવી એટલો માત્ર નથી, પરંતુ વ્યક્તિ એમ માનીને ભૂદાન કરશે કે બધી જ ભૂમિ પરમાત્માની છે. બુદ્ધિદાન સંદર્ભે વિનોબાએ કહેલું કે સમાજનો બુદ્ધિશાળી વર્ગ લોકોના કલ્યાણ માટે પોતાની બુદ્ધિ તથા જ્ઞાનનો ઉપયોગ કરશે. વિનોબાએ ગ્રામદાન આંદોલન વ્યક્તિગત માલિકી સ્થાપિત કરવાના હેતુસર કર્યું હતું. તેમાં ગામના લોકો પોતાની સંપૂર્ણ જમીન આખા ગામ માટે સમર્પિત કરી દે છે. સંપત્તિદાન આંદોલનમાં જમીનની જગ્યાએ સંપત્તિની અપીલ લોકો સમક્ષ કરવામાં આવી હતી. શ્રમદાનમાં લોકોના શ્રમની-મદદની અપેક્ષા જોડાયેલી હતી. આવી જ એક અન્ય પ્રવૃત્તિ હતી - તે છે જીવનદાન. વિનોબાજી કહેતા હતા કે, "જીવનદાન આંદોલનમાં વ્યક્તિ સર્વોદય સમાજનો સભ્ય બનીને સમાજની સેવા કરવાના હેતુથી પોતાનું સંપૂર્ણ જીવન અર્પણ કરી દે છે. અહી 'દાન' શબ્દ સાથે એક મહત્વની શરત જોડાયેલી હતી કે, પવિત્ર સાધનો થકી-સચ્ચાઈના માર્ગે કમાયેલી સંપત્તિ વગેરેનું જ દાન થઈ શકશે, ખોટા રસ્તે કમાયેલા ધનથી નહી.[૭]

વિનોબા કહેતાં કે, મારાં હાડકાંયે બોલેશે કે વ્યક્તિગત માલિકી નાબૂદ થશે, નાબૂદ થશે, નાબૂદ થશે ! વ્યક્તિગત માલિકી નહીં સહુએ વહેંચીને ખાવાનું છે. એ ભૂદાનયજ્ઞનું હાર્દ છે. 'સબ ભૂમિ ગોપાલ કી, નહીં કિસી કી માલિકી' – એ ભૂદાનયજ્ઞનો સંદેશ બધે પહોંચાડી દેવા વિનોબાએ પ્રયત્નોની પરાકાષ્ઠા કરી. ગમે તેવી ટાઢ, તડકો કે વરસાદમાં એમની યાત્રા અખંડ ચાલતી રહી. વિનોબાની આ બધી તપસ્યા વૃદ્ધાવસ્થામાં પણ ચાલી.

વિનોબા – જીવનની અંતિમ પળોમાં :

આ સમય દરમ્યાન બીજી તરફ દેશેમાં નક્સલવાદી આતંક માથું ઊંચકી રહ્યો હતો. વિઘટનકારી પરિબળો બળવાન બની રહ્યા હતાં. આ આખીયે પરિસ્થિતિને સમગ્રપણે પહોંચી વળવું હોય તો ગ્રામસ્વરાજના કાર્યક્રમ સિવાય બીજો કોઈ માર્ગ વિનોબાને દેખાતો નહોતો. તેથી ઈ.સ ૧૯૬૫માં 'એક ઔર જંગ' કહીને નીકળી પડ્યા. પદયાત્રા કરવાનું મુશ્કેલ હતું. ઉમર ત્યારે ૭૦ વરસની થઈ ચુકી હતી. એટલે પદયાત્રા નહી તો મોટરયાત્રા સહી અને જાનની બાજી લગાડીને આખરી એક પ્રયાસ કરી છૂટવા એ તૂફાનયાત્રાએ ઉપડ્યા.

અને આખા દેશમાં તૂફાનની એક લહર દોડી ગઈ. કાર્યકરો બધા કમર કસીને મંડી પડ્યા. વિનોબાની મોટરયાત્રા બિહારમાં ચાલી અને બીજાં બધાં રાજ્યોમાં પણ કાર્યકરો આ કામમાં લાગી ગયા. બિહારમાં એમની મોટરયાત્રા સો દિવસ ચાલી. તેવામાં અચાનક એમને 'ફિશર' ની તકલીફ શરૂ થઈ અને યાત્રા સ્થગિત કરવી પડી. અનેક કારણોસર તૂફાનનો પ્રયોગ અધુરો છૂટી ગયો. આગળ કામ થઈ શક્યું નહી.[૮]

પાદનોંધ :


૧. શાહ, કાંતિ, સર્વોદય આરોહણ,યજ્ઞ પ્રકાશન, વડોદરા,પ્રથમ આવૃત્તિ, ફેબ્રુઆરી, ૨૦૦૫, પૃ.૨૭

૨. પંડ્યા, જયંત અને અમૃત મોદી (સં) , સર્વોદય – ગાંધી : સવાસો , સ્વાગત સમિતિ, અખિલ ભારત સર્વોદય સંમેલન ભાવનગર, પ્રથમ આવૃત્તિ, નવેમ્બર,૧૯૯૪,પૃ.૫૧

૩. શાહ, કાંતિ, ગ્રામ સ્વરાજ, યજ્ઞ પ્રકાશન, વડોદરા,પ્રથમ આવૃત્તિ, ડીસેમ્બર,૨૦૦૮, પૃ.૧૩-૧૪

૪. પંડ્યા, જયંત અને અમૃત મોદી (સં) , પૂર્વોક્ત, પૃ.૬૬-૬૭

૫. શાહ, કાંતિ, ગ્રામ સ્વરાજ, પૂર્વોક્ત, પૃ.૧૯-૨૦

૬. સિંહ, મનોજકુમાર અને મનોજકુમાર ચૌધરી, ભારતીય રાજનીતિક ચિંતક વિનોબા ભાવે, ડીસ્કવરી પબ્લીશીંગ હાઉસ, નવી દિલ્હી, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૭,પૃ.૮૪-૮૫

૭. એજન, પૃ.૮૭-૮૯

૮. શાહ, કાંતિ, સર્વોદય આરોહણ, પૂર્વોક્ત, પૃ.૬૧-૬૫